# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

એલીસબ્રિજ શાળા નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ,

નવરંગપુરા, અમદાવાદ-૦૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકના ઝોન/શાળાઓ માટે નીચે જણાવેલ ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા અનુસુચિત જાતિ તથા બિનઅનામત (જનરલ) ઉમેદવારો પાસેથી તા.૧૨-૦૬-૨૦૧૮ ના રોજ સાંજના ૫-૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. વિગતવાર માહિતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની વેબસાઈટ **www.amcschoolboard.org** પરથી મેળવી લેવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાની વિગત | |
|---|---|---|---|---|
| | | | અનુ.જાતિ | બિનઅનામત |
| ૧ | મદદનીશ શાસનાધિકારી | ૪ | ૧ | ૩ |
| ૨ | ટ્રેઈન્ડ ગ્રેજયુએટ સુપરવાઈઝર | ૫ | ૧ | ૪ |

| | |
|---|---|
| લાયકાત | (૧) માન્ય યુનિવર્સિટીનાં કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક (અનુસ્નાતક પાસ આવકાર્ય ગણાશે.) (૨) બી.એડ. (તાલીમી સ્નાતક), બી.ટી., એસ.ટી.સી. કે ટી.ડી.ની પરીક્ષા પાસ(૩) મદદનીશ શાસનાધિકારીની જગ્યાઓ પૈકી ૧ જગ્યા માટે તાલીમી સ્નાતક(બી.એડ.) સાથે કાયદાના સ્નાતકની ડીગ્રી ઈચ્છનીય છે. |
| અનુભવ | તાલીમી સ્નાતક પાસ થયા પછીનો બે વર્ષનો શૈક્ષણિક અને / અથવા વહીવટી અનુભવ |
| પગાર ધોરણ | (૧) મદદનીશ શાસનાધિકારી :- લેવલ- ૯ પે મેટ્રીક્સ રૂા.૫૩૧૦૦ / ૧૬૭૮૦૦ ની ગ્રેડમાં (જુની ગ્રેડ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૫૪૦૦) બેઝિક + નિયમ મુજબ મળતા ભાડાભથ્થા<br>(૨) ટ્રેઈન્ડ ગ્રેજયુએટ સુપરવાઈઝર :- લેવલ-૮ પે મેટ્રીક્સ રૂા.૪૪૯૦૦ / ૧૪૨૪૦૦ ની ગ્રેડમાં (જુની ગ્રેડ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦) બેઝિક + નિયમ મુજબ મળતા ભાડાભથ્થા |
| વયમર્યાદા | (૧) જાહેરાતના રોજ ઉંમર ૨૫ વર્ષથી ઓછી નહિ અને ૪૦ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહિ.અનુસૂચિત જાતિ, શા.ખો.ખા. ઉમેદવારો અને મહિલા તેમજ વિધવાને સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે (૨) સા.શૈ.પ.વ., અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત વર્ગનાં ધોરણો લાગુ પડશે.(૩) અશક્તતા ધરાવતા ઉમેદવારો કે જે પોતાની રીતે હરીફરી શકે અને કામગીરી કરી શકે તેવા શારીરિક અશક્ત ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે. (૪) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના કર્મચારીઓને વય મર્યાદાનો બાધ રહેશે નહીં. |

સહી/-

તા.૦૧-૦૬-૨૦૧૮ શાસનાધિકારી